Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 14, Issue. 248, May 2023

શિક્ષણ એટલે પ્રજ્ઞા સર્જવી. પ્રજ્ઞાવાન હોવું એટલે વિશ્વ તરફ સંવેદનશીલ હોવું અને ભિન્ન રીતે જીવવુ. માણસ યાંત્રિક ન બનતા શાણપણયુકત અને પ્રજ્ઞાવાન બને એ માટે શિક્ષણ છે.

– જે. કૃષ્ણમૂર્તિ

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

માનવી અને સામાજિક સુખાકારીનને પ્રોત્સાહન આપવા તથા ભારતના બંધારણમાં કરેલી કલ્પનાનું ભારતમાં કે જે લોકશાહી, ન્યાય, સામાજિક રીતે સભાન, સંસ્કારી અને માનવ રાષ્ટ્ર જે સ્વતંત્ર, સમાનતા, બંધુત્વ અને સૌને સમાન ન્યાય મળે તે માટે ભારતના વિકાસમાં ઉચ્ચ શિક્ષણ અત્યંત મહત્વની ભૂમિકા નિભાવે છે.

ઉચ્ચ શિક્ષણ રાષ્ટ્રની સાતત્યપૂર્ણ આજીવિકા અને આર્થિક ક્ષેત્રના વિકાસમાં નોંધપાત્ર ફાળો પણ આપે છે. જેમ જેમ ભારત જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા અને સમાજ બનાવવા તરફ આગળ વધી રહ્યો છે. તેમ તેમ વધુને વધુ ભારતીય યુવાનો ઉચ્ચ શિક્ષણની આશા અને અપેક્ષા રાખતા થયા છે. આ સંજોગોમાં ૨૧ મી સદીની આવશ્યકતાઓને જોતા ગુણવત્તાયુકત ઉચ્ચ શિક્ષણનો મુખ્ય હેતુ સારા વિચારશીલ પૂર્ણ વિકસિત અને સર્જનાત્મક વ્યકિતઓના વિકાસનો હોવો અનિવાર્ય છે. તે વ્યક્તિને એક અથવા એકથી વધુ ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે સક્ષમ બનાવે તેવું હોવું જોઈએ, તેની સાથે સાથે ચારિત્ર ઘડતરની નૈતિક જવાબદારી, બંધારણીય મૂલ્યો, બૌદ્ધિક જિજ્ઞાસા, વૈજ્ઞાનિક પ્રકૃતિ, સર્જનાત્મકતા, સેવાની ભાવના અને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કળા, માનવ વિદ્યાશાખા, ભાષા, વ્યાવસાયિક, તકનીકી અને ધંધાદારી વિષયો સહિત વિવિધ વિષયોમાં ૨૧મી સદીની ક્ષમતાઓને વિકસાવતું હોવું અનિવાર્ય છે. ગુણવત્તા સભર ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા દ્વારા વ્યકિતગત સિદ્ધિ અને જ્ઞાન, રચનાત્મક, લોક ભાગીદારી અને સમાજમાં ઉત્પાદન, યોગદાન માટે સક્ષમ કરવું જોઈએ. વિશ્વ વિદ્યાલયે વિદ્યાર્થીઓનુ વધુ સાર્થક અને સંતોષકારક જીવન બને તે માટેનું તેના કાર્યક્ષેત્રની ભૂમિકા અને તેની આર્થિક સ્વતંત્રતા માટે સક્ષમ કરવા જોઈએ. તે માટે આપણી યુનિવર્સિટી પ્રયત્નશીલ છે. વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં ભારતીય ઉચ્ચ શિક્ષણની જે વ્યવસ્થાપનની જે દ્રષ્ટિ છે, એ દ્રષ્ટિને પરિપૂર્ણ કરવા માટે આપણી યુનિવર્સિટી અગ્રેસર બની રહી છે તેમાં આપ સૌનું યોગદાન અનિવાર્ય છે.

સામાજિક સ્તરે ઉચ્ચ શિક્ષણનો ઉદ્દેશ્ય રાષ્ટ્રને પ્રબુદ્ધ સામાજિક રીતે જાગૃત, જ્ઞાની અને કૌશલ્ય સભર બનાવવાનો છે. જે પોતાના નાગરિકોનું સ્થાન કરી શકે અને પોતાની સમસ્યાઓના સમજણ પૂર્વકના સમાધાનો શોધી તેને ઉપયોગમાં લઈ શકે, ઉચ્ચ શિક્ષણ જ્ઞાન નિર્માણ અને નવાચારનો આધાર પણ બને છે અને તેના લીધે રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. આથી ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણનો ઉદ્દેશ વ્યક્તિગત રોજગારીની તકોના નિર્માણ સુધી સીમિત નથી, તે અધિક જીવંત અને સામાજિક રૂપથી જોડાયેલ, સહકારી સમુદાયો સાથે મળીને એક વધુ આનંદિત સામંજસ્યપૂર્ણ સંસ્કૃતિ, નવીન અને પ્રગતિશીલ સમૃદ્ધ રાષ્ટ્ર માટે ચાવીરૂપ બને છે. સ્વાધીનતા સંગ્રામના ૭૫ વર્ષની ઉજવણી પૂર્ણ કરી રાષ્ટ્ર માટે આગામી ૨૫ વર્ષ અમેરિકાના છે, જેમાં રાષ્ટ્ર પ્રવેશ કરી ચૂક્યુ છે. આ અમૃતકાલનો સમયગાળો દેશ અને દુનિયા માટે ભારતની પરંપરાનો પરિચય કરાવશે. જેમાં યુગાનુકૂલ અને દેશાનુકૂળનો સંદર્ભ જોવા મળશે. એક નવાચારની પદ્ધતિ મહત્વપૂર્ણ સિદ્ધિ રૂપે પ્રગટ થશે, તેવી એક આશા અને અપેક્ષા પણ છે. આપણું શિક્ષણ પરંપરિત જ્ઞાન આધારિત અને એમાં નવીનતમ શુદ્ધિ વૃદ્ધિ કરનાર એ ભારત અગ્રેસર બનશે શિક્ષણમાં નવાચાર એ આવશ્યક અને અપેક્ષિત પણ છે કારણ કે નવાચાર વગર કયારે પણ કોઈપણ શિક્ષણ પ્રણાલી સફળ થતી નથી. એ જ દિશામાં આપણી યુનિવર્સિટી આગળ વધી રહી છે.

૨૧ મી સદીના ભારત પાસેથી વિ ને ખૂબ અપેક્ષાઓ છે. ભારતનું સામર્થ્ય છે કે પ્રતિભા અને તકનીકીનું સમાધાન આખી દુનિયાને આપી શકે. આ જવાબદારીને પૂર્ણ કરવા આપણી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં જે પણ સમાધાન સૂચવવામાં આવ્યા છે. એનાથી ભવિષ્યલક્ષી તકનીકી પ્રત્યેની એક વિચારસરણી વિકસિત કરવાની ભાવના પણ છે, હવે તકનીકી એ આપણને ખૂબ જ ઝડપથી, ખૂબ જ સારી રીતે, ખૂબ જ ઓછા ખર્ચે સમાજના છેવાડે ઉભેલા વિદ્યાર્થી સુધી પહોંચવાનું માધ્યમ બન્યું છે. આપણે આનો મહત્તમ સદઉપયોગ કરવાનો છે. આ શિક્ષણનીતિના માધ્યમથી તકનીકી આધારિત ઉત્તમ વિષયવસ્તુ અને કોર્સના વિકાસમાં ખૂબ મોટી મદદ મળશે. આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે પણ આ દિશામાં સતત ગતિશીલ છે, તેનો આનંદ છે.

**તા. ૧ જુન, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### ગુજરાત સ્થાપના દિન નિમિત્તે 'મારી સહી ગુજરાતીમાં' કાર્યક્રમની ઉજવણી







તા. ૦૧-૦૫-૨૦૨૩ના રોજ 'ગુજરાત સ્થાપના દિન' નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગમાં આવેલા નર્મદ ઑડિટોરિયમમાં ખાતે 'મારી સહી ગુજરાતીમાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી વિભાગના તથા ઑડિટોરીયમનાં પ્રવેશદ્વાર પર વિદ્યાર્થીઓ દ્વારા ફૂલોની સરસ રંગોળી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. પારૂલ વડગામાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ. નરેશ શુકલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. દીપપ્રાગટયવિધિમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિભાગની વિદ્યાર્થીઓને પણ સમ્મિલિત કરી હતી. વિભાગના વિદ્યાર્થીની ચૌધરી વૈશાલીએ કવિ શ્રી ઉમાશંકર જોશીની કાવ્યરચના 'ગુજરાત મોરી મોરી રે...' નું સુંદર ગાન કર્યું હતું. સ્વાગતવિધિમાં કુલપતિએ વિદ્યાર્થીઓ પ્રતિ આદરભાવ દર્શાવતાં રંગોળી કરનાર તથા ગીતપ્રસ્તુતિ કરનાર વિદ્યાર્થીઓનું પુસ્તક આપી અભિવાદન કર્યું હતું.

ડૉ. નરેશ શુકલે કાર્યક્રમની પરિકલ્પના સમજાવતાં કહ્યું હતું કે, ગુજરાતની ભૂમિ વિશ્વની વિવિધ પ્રજાઓનું કેન્દ્ર રહી છે તેનાં કારણોમાં લાંબો દરિયોકાંઠો, વલ્લભી વિદ્યાપીઠ, સમૃદ્ધ સંસ્કૃતિ અને એકતાં રહ્યાં છે. ગાંધીજીના ભારત આગમન પહેલાં પણ અહીં સર્વાંગી કેળવણીનો દૃષ્ટિકોણ વિકસી જ રહ્યો હતો જેનાં પાયામાં ઈન્દુલાલ યાજ્ઞિક અને એમના જેવા કર્મઠોનો ફાળો હતો. એમની આ વાતને આગળ વધારતાં વિભાગના અધ્યક્ષા ડૉ. શરીફા વીજળીવાળાએ કહ્યું હતું કે, ૧૯૫૩માં ભાષા આધારિત રાજ્યોની માગણી ૧૯૫૬માં ઈન્દુલાલ યાજ્ઞિક, જયંતિ દલાલ જેવા કર્મઠોને લીધે 'મહાગુજરાત આંદોલન' માં પરિણમી અને સાડા ત્રણ વર્ષના સંઘર્ષ બાદ ૧૯૬૦માં તેનો અમલ થયો. જે કોમી એકતા સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ નહોતી જોવા મળી તે 'મહાગુજરાત આંદોલન' માં જોવા મળી હતી. સંઘર્ષમય અને સફળ આંદોલન ભૂલીને આજની ગુજરાતી પ્રજા ગુજરાતી ભાષાનો યથા ઉપયોગ નથી કરતી અથવા સંકોચાઈને કરે છે તેનો વસવસો એમણે પ્રગટ કર્યો હતો. ઉમાશંકર જોશીનું જ કાવ્ય 'ગાંધીના માર્ગે તું ચાલીશ ને ગુજરાત?' ની બે પંક્તિ બોલીને એમણે પોતાની વાત પૂરી કરી હતી.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ કચ્છના દિલીપભાઈ દેશમુખનું ઉદાહરણ આપી વાત શરૂ કરી હતી. જે વ્યકિતએ 'મારી સહી મારી માતૃભાષામાં અભિયાન શરૂ કરેલું તેની વાત કરી માતૃભાષા સાથેનાં જોડાણને મજબૂત કરવા પર એમણે ભાર મૂકયો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન આપતાં કહ્યું હતું કે, અંગ્રેજી ભાષા પ્રત્યે કોઈ અણગમો કે ફરિયાદ નથી પરંતુ અમુક કાયદાકીય વ્યવહારો સિવાયના જાહેર વ્યવહારોમાં માતૃભાષાનો ઉપયોગ છૂટથી કરવામાં આવે, માતૃભાષામાં સહી કરવામાં આવે તો આવનારી પેઢીને પોતાની માતૃભાષા પર ગૌરવ અનુભવાય. આત્મનિર્ભર કુટુંબવ્યવસ્થા માટે માતૃભાષામાં થતા વ્યવહારો ખૂબ જરૂરી છે કારણ કે માણસ માતૃભાષામાં જ અન્ય ભાષાઓ શીખે છે અને માતૃભાષામાં જ સ્વપ્નો પણ જુએ છે. વિવિધ કૌશલ્યો શીખવા માટે પણ માતૃભાષા સબળ અને યોગ્ય સાધન બને છે. તેથી 'ગુજરાત સ્થાપના દિન' નિમિત્તે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલું સૂત્ર 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા પ્રયાસ' ને સાર્થક કરતાં આપણે સૌએ આપણી માતૃભાષા ગુજરાતીમાં સહી કરવાનો સંકલ્પ લેવો જોઈએ.

ત્યારબાદ ડૉ. નરેશ શુકલે ઑડિટોરિયમમાં ઉપસ્થિત સૌને સંકલ્પ લેવડાવ્યો. ઑડિટોરિયમનાં મુખ્ય દ્વારની બાજુમાં શ્વેતા કેનવાસના બે પડદા લગાડવામાં આવ્યા હતા તેના પર ઉપસ્થિત સૌએ ગુજરાતીમાં હસ્તાક્ષર કર્યા. વિભાગના તથા અન્ય વિભાગમાંથી આવેલા પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા હાજર સૌ કોઈએ પોતપોતાની માતૃભાષામાં હસ્તાક્ષર કરીને ગુજરાત સ્થાપના દિનને આ રીત વિશેષ મહત્વ અર્પણ કર્યું હતું.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯ મા સ્થાપના દિવસની ઉજવણી


તા. ૨૩–૦૫–૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯ મા સ્થાપના દિવસ નિમિત્તે યુનિવર્સિટીના કોમ્પ્યૂટર સાયન્સના સેમિનાર હૉલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ તેના ૫૮ વર્ષ સફળતાપૂર્વક પસાર કરી ૫૯ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે જે યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ માટે ગૌરવની વાત છે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી, કુલસચિવશ્રી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ દાતાશ્રીઓ, વિવિધ અનુસ્નાતક વિભાગીના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ કાર્યક્રમને અનુરૂપ ઉદ્દબોધન આપી ૫૮ વર્ષોના તમામ લોકોના યોગદાનને સન્માનિત કર્યા અને હવે નવું શું કરી શકીએ અને કઈ રીતે કરી શકીએ તે વિશે ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોને ખેસ અને પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા તેમજ કાર્યક્રમમાં આવેલ મહેમાનશ્રીઓએ પણ યુનિવર્સિટીને સંબોધી ઉદ્દબોધન આપ્યું. એટલું જ નહી, પરંતુ માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા, મંત્રીશ્રીઓ, સેક્રેટરીશ્રીઓ, હોદ્દેદારો, રમતવીરો અને વિદેશી વિદ્યાર્થીઓ કે જેમણે યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવ્યું છે તેમણે વિડીયો દ્વારા યુનિવર્સિટીને ૫૯ મા સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તદ્દપરાંત જે લોકો વ્યસ્તતાને કારણે હાજર રહી ન શકયા હોય તેઓ માટે ઓનલાઈન કાર્યક્રમ નિહાળી શકે તે માટે તમામ સોશિયલ મીડિયા પર લાઈવ કરવામાં આવ્યું હતું.
















## ગ્રંથાલય ખાતે ૫૯ મા સ્થાપના દિનની ભવ્ય ઉજવણી

તા. ૨૩–૫–૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના ૫૯માં સ્થાપના દિવસ નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલય અને ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, સુરતના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ૫૯મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિ તથા પરંપરા મુજબ ગ્રંથાલયના ઈ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન પટેલ દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીનું તિલક લગાવી હાથમાં નાડાછડી બાંધી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુલપતિશ્રી દ્વારા સરસ્વતી માતાની પૂજા આરતી તથા મંત્રજાપ કરી કરવામાં આવી હતી. ત્યાર બાદ ૧૦૦૮ દિવા પ્રકટાવી દીપયજ્ઞ કરી રાષ્ટ્ર નિમાર્ણ તથા સ્ત્રી–સશકિતકરણની પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્રીય જયઘોષ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જ્ઞાન રથ–ચેતના કેન્દ્ર, વ્યસનમુકિતનું પ્રદર્શન તેમજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગ્રહિત ઓશો ચેર, ગીતા પ્રેસ ગોરખપુર, શ્રી રામકૃષ્ણદેવની અમૃતવાણી, રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ, સરદાર પટેલ, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, વિનોબા ભાવે, શ્રી અરવિંદો, મહાત્માં ગાંધી, કવિ નર્મદ તથા યુનિવર્સિટી દક્ષિણાયનના ગ્રંથોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી, કુલસચિવશ્રી, સિન્ડિકેટ–સેનેટ સભ્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, ગ્રંથાલયના કર્મચારીગણ તથા વાચકો, વહીવટી કર્મચારીશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન પટેલના માર્ગદર્શન હેઠળ ટેકનીકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશભાઈ ટોપીવાલા તથા જુ. લાઈબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પિન્ટુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.















## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯ મા સ્થાપના દિવસ નિમિત્તે જોબફેરનું આયોજન

તા. ૨૩ મે, ૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં ૫૯ મા સ્થાપના દિવસ નિમિત્તે વીર નર્મદ યુનિવર્સિટી તથા યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરતનાં સંયુકત ઉપક્રમે એક 'જોબફેર'નું આયોજન યુનિવર્સિટી પરિસરના ડે–કેર વિભાગ ખાતે યોજવામાં આવેલ હતું. આ જોબફેરનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ્રે યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શન પુરોહિત, રોજગાર અધિકારીશ્રી સંજય પી. ગોહિલ, સેનેટ સભ્યશ્રીઓ, વિવિધ વિભાગના વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ તથા ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. આ જોબફેર ડ્રાઈવમાં ૮ એમ્પ્લોયર્સ ઉપસ્થિત રહી ૧૫૩ ખાલી જગ્યાની સામે ૮૦ ઉમેદવારોની નોકરી માટેની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૪૮૪ રોજગારવાંચ્છુ એ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.







## 'મધ્યસ્થ દર્શન આધારિત જીવન વિદ્યા' વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૦૪/૦૫/૨૦૨૩નાં રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન "મધ્યસ્થ દર્શન આધારિત જીવન વિદ્યા" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ મુખ્ય વકતા તરીકે શ્રી સોમભાઈ ત્યાગી, દિવ્ય પથ સંસ્થાન, અમરકંટક ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક માન. શ્રી હરીશભાઈ રાવળ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વકતાશ્રીનું સ્વાગત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા શાલ અને પુસ્તક આપી સ્વાગત કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સ્વાગત ઉદબોધન શ્રી પ્રકાશચંદ્રએ કર્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ વિવિધ અનુસ્નાતક વિભાગોના પ્રાધ્યાપકશ્રીઓ તેમજ કોલેજોના પ્રાધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

























## The Sound of self કાર્યક્રમનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (WDC) વુમન ડેવલોપમેન્ટ સેલના સંયુકત ઉપક્રમે તા. ૧/૫/૨૦૨૩ના રોજ અંગ્રેજી વિભાગના સેમિનાર હૉલમાં "The Sound of Self" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રોગ્રામમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કે.સી.પોરિયા, ડૉ. પારૂલબેન વડગામા, WDCના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. મનીષા પાનવાલા, WICCI ના પ્રેસિડન્ટશ્રી ડૉ. રીન્કલ જરીવાલા અને તેમની ટીમ, યુનિવર્સિટીના દરેક વિભાગના ટીચિંગ આસિસ્ટન્ટ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, કેમ્પસમાં પીએચ.ડી. પર અભ્યાસ કરતા અને શોધના સંશોધન કરતા વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ એમના પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યુ હતું કે, વર્ષો સુધી જમાનો પુરુષ પ્રધાન હતો એટલે પુરુષો આગળ અને સ્ત્રીઓ બેક સ્ટેજમાં હતા. હવે આવનારી સદીઓનાં સ્ત્રીઓ આગળ રહેશે અને પુરુષો પૃષ્ઠભૂમિમાં રહેશે તો ન્યાય બરાબર થશે. સિન્ડિકેટ સભ્ય ડૉ. પારૂલ વડગામાએ જણાવ્યું કે, સ્ત્રીઓને તેમની શારીરિક માનસિક તંદુરસ્તી અંગે સમજ આપવાની જરૂરિયાત છે અને યુનિવર્સિટીએ આવા કાર્યક્રમો યોજવા જોઈએ. ડૉ. મનિષા પાનવાલાએ કાર્યક્રમ અંગે કહ્યું કે, પ્રત્યેક સ્ત્રી સ્વયંસિધ્ધા છે જ પરંતુ એ માટે જરૂરી તક આપવાની જરૂરીયાત છે. વિદ્યાર્થીના સ્કીલ ડેવલોમેન્ટ માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવા માટેના સૂચનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભવિષ્યમાં હજુ વધુ કાર્યક્રમ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મોસમ આર. ત્રિવેદીએ કર્યુ હતું.







## Selfie With Parinda

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા જી, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી જી એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર જી ની હાજરીમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને SFS વિભાગ ના સંયુક્ત ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૧૦/૦૫/૨૦૨૩ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતેથી "Selfie With Parinda" નામે એક મુહિમ શરૂ કરવામાં આવેલ હતી. ઉનાળાના આ સમયગાળામાં પક્ષીઓ પાણીની શોધમાં દૂરદૂર ફરતા રહેતા હોય છે, છતાં પણ પક્ષીઓને પાણી મળતું નથી. યુવા વિદ્યાર્થીઓની સંવેદના પશુ અને પક્ષીઓ સાથે જોડાય અને તે દિશામાં નૂતન પ્રયાસ થાય તે હેતુથી અબોલા પક્ષીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા "Selfie With Parinda" નામે એક મુહિમ શરૂ કરવામાં આવેલ છે. આ મુહિમમાં એન.એસ.એસ. અંતર્ગત ૭૭ કોલેજોમાં કાર્યરત ૩૦,૦૦૦ થી વધુ સ્વયંસેવકો પોતાના ઘરે, ઘરની અગાસી પર, કોલેજમાં કોલેજની આજુબાજુનાં વૃક્ષો પર પક્ષીઓ માટે પાણીના કુંડા લગાવશે અને નિયમિત દેખરેખ રાખી જતન કરશે, તેમજ પાણીના કુંડા લગાવ્યા પછી પણ તેમાં પાણી ભરવાની નિરંતર ચિંતા કરશે, પાણીના કુંડા લગાવી તેના સાથે સેલ્ફી લઈ સોશિયલ મીડિયા પર અપલોડ કરી લોકોમાં જાગૃતતા ફેલાવશે. આ મુહિમના શુભારંભમાં કોમર્સ વિભાગના ૧૦૦ થી વધુ સ્વયંસેવકો હાજર રહ્યા હતા.

વધુમાં આ કાર્યક્રમમાં એનએસએસ વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુનીબેન ઠક્કર, SFS વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. મનોજ શર્મા, ડૉ. મધુબેન થવાણી, શ્રી મુકેશભાઈ રોહિત, ડૉ. ભરતભાઈ ઠાકોર, સાથે ABVPના મહાનગર મંત્રીશ્રી મનોજ જૈન તથા પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.



















## ઇન્ટેન્સ એકિંટગ વર્કશોપનું ઉદ્ઘાટન

તા. ૨૨/૦૫/૨૦૨૩ સોમવારનાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કન્ટીન્યૂ એજ્યુકેશન એન્ડ એકસટેન્શન વર્ક દ્વારા સર્ટિફિકેટ કોર્સ ઇન એકિંટગનું ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, પદ્મશ્રી યઝદી કરંજિયા, શ્રી પ્રવીણભાઈ સોલંકી, ડૉ. પદ્મેશ પંડિત, શ્રી મેહુલભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. પદમેશ પંડિત દ્વારા કોર્સની તમામ માહિતી આપવામાં આવેલ હતી. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તથા તમામ મહેમાનોનું મોમેન્ટો, યુનિવર્સિટીની ખેસ અને પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કો–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ દ્વારા મહાનુભાવોનો પરિચય આપવામાં આવ્યો હતો. શ્રી પ્રવીણભાઈ સોલંકી તથા પદ્મશ્રી યઝદી કરંજિયાજી દ્વારા અતિ રસપ્રદ ઉદબોધન પ્રવચન આપવામાં આવ્યું હતું કે જેમાં સૌ તલ્લીન થઈ ગયા, કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા દ્વારા અધ્યક્ષનું ઉદબોધન પ્રવચન આપવામાં આવ્યું અને માર્ગદર્શન આપવામાં આવ્યું. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના નિયામકશ્રી પોલ ડેવિડ દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરી કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવ્યો. સદર કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અંતે કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યું હતું.

















## ખેલો ઈન્ડિયા ગેમ્સ્ ૨૦૨૨–૨૩ માં સિધ્ધી

તા. ૨૫/૦૫/૨૦૨૩ થી તા. ૦૩/૦૬/૨૦૨૩ દરમ્યાન ખેલો ઈન્ડિયા ગેમ્સ્ ૨૦૨૨–૨૩નું આયોજન ગૌતમ બુધ્ધા યુનિવર્સિટી, જીબી નગર ગ્રેટર નોઈડા, દિલ્હી મુકામે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્વિમિંગ ભાઈઓ/બહેનો વ્યકિતગત અને ટીમ ખેલો ઈન્ડિયા ગેમ્સ્ ૨૦૨૨–૨૩ રમવા માટે ગૌતમ બુધ્ધા યુનિવર્સિટી, જીબી નગર ગ્રેટર નોઈડા, દિલ્હી મુકામે ગઈ હતી. જેમાં તા. ૨૮/૦૫/૨૦૨૩ ના રોજ એસ.ડી.જૈન ઈગ્લિશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, વેસુ, સુરતના ખેલાડી શ્રી મહેતા દિશાંતએ ૫૦ મી. બ્રેસ્ટસ્ટ્રોક ઈવેન્ટમાં ત્રીજો ક્રમાંક મેળવીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. સ્વિમિંગ ભાઈઓની ટીમમાં શ્રી મહેતા દિશાંત, શ્રી અનિકેત પટેલ, શ્રી મોદી ધ્રુવ, શ્રી નિતાય રાંદેરીયા અને સ્વીમીગ બહેનોમાં કુ.સિલ્કી નાગપુર એ ભાગ લીધો હતો. આ ટીમમાં ડૉ. મિનેશ નિઝામા કન્ટીજન મેનેજર અને કોચ તરીકે ડૉ. પરીક્ષિત ઈચ્છાપોરીયા સેવા આપી હતી.

ખેલાડી શ્રી મહેતા દિશાંતની આ ઉત્કૃષ્ઠ સિદ્ધિ થકી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું નામ રોશન કરવા બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, નિયામકશ્રી પોલ ડેવિડ, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ તેમજ સિન્ડિકેટ–સેનેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા છે.



## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### અભિમુખતા બેઠકનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ચાલતા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્ર (૧૮૨૮ અને ૦૭૯૧૮૧૮)ના વિદ્યાર્થીઓ માટે તા. ૦૧–૦૫–૨૦૨૩ ને સોમવારના રોજ સવારે ૯:૦૦ કલાકે 'અભિમુખતા બેઠક' (ફેબ્રુઆરી–૨૦૨૩)નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સર્વે વિદ્યાર્થીઓને બેઠકમાં અભ્યાસક્રમને લગતી મહત્વની બાબતો તેમજ પ્રવેશ, પરીક્ષા, સ્વાધ્યાર્થ કાર્ય અને પરિણામ જેવા મહત્વના મુદ્દાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી તેમજ ૬૪માં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમરોલી કોલેજના અભ્યાસ કેન્દ્રને 'શ્રેષ્ઠ અભ્યાસ કેન્દ્રનો એવોર્ડ' મળવા બદલ સ્ટાફમિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રીજનલ સેન્ટરના મુખ્ય કો–ઓર્ડિનેટર શ્રી જીતેન્દ્રસિંહ પરમાર અમરોલી કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણા, અભ્યાસ કેન્દ્રના સંયોજક ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીયા અને સહસંયોજક ડૉ. મયંકભાઈ સોઢા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.




### Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

#### ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી

અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મીડીયમ કોલેજ, વેસુ, સુરતમાં 'ગુજરાત સ્થાપના દિવસ' નિમિત્તે 'મારી સહી ગુજરાતીમાં' કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ ઉપક્રમે ગુજરાત પ્રદેશ, ભાષા, અર્થતંત્ર અને સંસ્કૃતિ વિષે પણ ચર્ચા અને પ્રવચનો કોલેજ સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ અને ઈ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ દ્વારા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ પ્રોફેસર વૈશિકા કડિયાના માર્ગદર્શન હેઠળ થયો હતો. કાર્યક્રમના અંતે કોલેજ સલાહકાર, ઈ.ચા.પ્રિન્સિપાલ, કોલેજ અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ બેનર પર ગુજરાતીમાં સહી કરી હતી.









## એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### વોટર થીમ કાર્યક્રમ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત પરિપત્રમાં દર્શાવેલ નવ થીમ પૈકી 'વોટર' થીમ પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું, જે પૈકી 'પોસ્ટર મેકીંગ' સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પાણીનું મહત્વ દર્શાવતા અલગ અલગ પોસ્ટરો બનાવ્યા હતા. વિશેષ આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણા તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજરી આપી હતી. આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ પાણીના મહત્વ પર મનભર વાતો રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ પાણીના મહત્વ પર અને વિકાસમાં તેના ફાળાનું મહત્વ પર સમજ આપી હતી.







### ગુજરાત સ્થાપના દિવસ ની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કોલેજે, બીલીમોરામાં તા. ૨૩/૫/૨૦૨૩ના રોજ 'ગુજરાત સ્થાપના દિવસ' તથા 'મારી સહી ગુજરાતી' વિષય પર વ્યાખ્યાન અને સમજ આપી ગુજરાતની અસ્મિતા તથા ગૌરવને વધારતો સુંદર કાર્યક્રમ કોલેજની લાયબ્રેરી હોલમાં ઉજવવામાં આવ્યો હતો. કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાની રાહબરી હેઠળ કોલેજ સ્ટાફ, વિદ્યાર્થી મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રાર્થનાથી સૌહાદભર્યા વાતાવરણમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કોલેજના ઈ.ચા. આચાર્યશ્રીએ ગુજરાત સ્થાપના દિન તથા ગુજરાતી ભાષાના ગૌરવ અને 'મારી સહી ગુજરાતી' વિષય પર વિદ્યાર્થીઓને સવિસ્તાર સમજ આપી ગુજરાતની ભૂમિકા દેશ માટે શું હોઈ શકે એ વિશે સમજ આપી હતી. કોલેજનાં સિનિયર પ્રોફેસર ડૉ. એન.બી.સોલંકી તથા પ્રોફેસર યોગીનીબેન મિસ્ત્રીએ પણ પોતાનું વકતવ્ય રજૂ કરી ગુજરાતી અને ગુજરાતની અસ્મિતાથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓએ પણ પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ સફળ રીતે પાર પાડયો હતો.





### જોબ પ્લેશમેન્ટનું આયોજન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ઉદિશા સેલ તથા જોબ પ્લેશમેન્ટ કમિટી હેઠળ કોલેજ કેમ્પસમાં જોબ પ્લેશમેન્ટનું આયોજન થયું હતું. જેમાં Macleods Pharmaceuticals Ltd સરીગામ કંપનીના નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓનું સૌ પ્રથમ લેખિત ઈન્ટરવ્યુ લેવામાં આવ્યું હતું, જેમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓના મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા, જેમાં કોલેજનાં ૪ વિદ્યાર્થીઓનું સિલેકશન થયું હતું, આ જોબ પ્લેશમેન્ટનું આયોજન કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેનું સંચાલન પ્રા. ડૉ. સોનલબેન વસાવાએ કર્યું હતું.



## C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara.

### Mann Ki Baat Programme

The 100th episode of "Mann Ki Baat" programme was telecasted by Honorable Prime Minister Shri Narendrabhai Modi on 30/04/2023 between 11.00 am to 12.00 noon. The programme was watched by the students in the college and by the staff of C. N. Kothari Homeopathic Medical College and Research Center, Vyara at home on TV, under the direction of Ministry of AYUSH, State Council of Homeopathy Gujarat and Veer Narmad South Gujarat University, Surat. Whole programme was arrange by Dr. Swapnil Khengar & team under the guidance of Principal Dr. Jyoti Rao.



### Celebration of Gujarat Sthapana Diwas

On the 1st May 2023, On Occasion of 'Gujarat Sthapna Diwas' by the direction of Veer Narmad South Gujarat University Surat, C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara arranged the programme of "Mari Sahi Gujarati Ma". In this programme all students & staff members signed in Gujarati on board enthusiastically. All the programme was arrange by Dr. Swapnil Khengar & team under the guidance of Principal Dr. Jyoti Rao.



### Slogan and Essay Competition

Under the Azadi ka Amrit Mahotsav, the following competition has been organized by the college under the direction of the Veer Narmad South Gujarat University, Surat. Competitions like Slogan on Water and Essay on Women and Children were organized on monday 01/05/2023 in which the students participated enthusiastically and the participating students were felicitated with certificates. The entire programme was conducted by Dr. Swapnil Khengar and team under the successful guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### UGC Act, 1956 હેઠળ Section 2 (f) ની યાદીમાં સમાવેશ

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ શ્રીમતી દિવાળીબેન હરજીવનભાઈ ગોંડલિયા કોલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી.નો UGC દ્વારા UGC Act, 1956 હેઠળ Section 2(f) માં દર્શાવેલી કોલેજોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉધના કોલેજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્વનિર્ભર કોલેજોમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રથમ કોલેજ બની છે. આ તબક્કે કોલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ તમામ સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યાં હતા. ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં હોદ્દેદારોએ આ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ સફળતા પ્રાપ્ત કરવા કોલેજ ઉપાચાર્ય (બીબીએ) ડૉ. ડેઈઝી તેક્કનાલ, કોલેજ પ્રાધ્યાપક ડૉ. ધવલ પંડયા, ડૉ. રુદ્રિ પુરોહિત, ડૉ. વિશાલ નાયક અને હેડ કર્લાક શ્યામકુમાર પાટીલે સખત પ્રયત્ન કર્યા હતા.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-5-2023 to 31-5-2023

| Detail | Description | May-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 1401 | |
| | Internet Lab User | 56 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 6 | |
| | Research Scholars | 4 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 0 | |
| | Online User | - | |
| | Total | | 1467 |
| Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | | |

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| May-2023 | 229 | 226 |
| Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | |

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2023 | 9 |
| Sources : Ms. Mitali Patel, Jr. Clerk, Circulation Section. | | |

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2023 | 10 |
| Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section. | | |

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2023 | 13 |
| Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section. | | |

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**